# સૈનિક કૂલ બાલાચડી
# ગુગલ ક્લાસરૂમ માટેની સૂચનાઓ

1. સૈનિક સ્કૂલ બાલાચડીએ શિક્ષણ માટે ગુગલ જી.સાઈટની નોંધણી કરાવી છે અને તેનો ઉપયોગ કરશે. તાત્કાલીક અસરથી ક્લાસના સંચાલન માટે સમાન પ્લેટફોર્મ જાળવી રાખવા માટે વ્યક્તિગત ઇ-મેઈલ માન્ય રહેશે નહીં પણ ઓનલાઈન ક્લાસ માટે સ્કૂલનુ “ssbalachadi.org” બનાવેલ કોમન ઈ-મેઈલ આઈડી જ માન્ય રહેશે.

**અમે નીચેની પેટર્નમાં બધા વિદ્યાર્થીઓના ઈ-મેઈલ આઈડી બનાવ્યા છે**

**વપરાશકર્તાનું નામ** (Username): ***<rolno> @ ssbalachadi.org***
**(દા.ત. જો વિદ્યાર્થીનો રોલ નંબર 5545 છે તો ઇ-મેઇલ આઈડી હશે**
**5545@ssbalachadi.org)**
**પાસવર્ડ**: **ssb @ <rolno>**
**(દા.ત. જો વિદ્યાર્થીનો રોલ નંબર 5545 છે તો પાસવર્ડ ssb@5545 હશે)**

**ગૂગલ ક્લાસરૂમ સુવિધાનો ઉપયોગ કરવાની બે રીત છે**:

**(a) ડેસ્કટોપ/ લેપટોપ પર બ્રાઉઝરના ઉપયોગ દ્વારા.**
**(b) મોબાઈલમાં ગુગલ ક્લાસરૂમ એપનો ઉપયોગ કરીને**

a) **ડેસ્કટોપ/લેપટોપ પર બ્રાઉઝરના ઉપયોગ દ્વારાઃ-** આ પદ્ધતિમાં તમારે કોઈ પણ સોફ્ટવેરની આવશ્યકતા નથી. આમાં માત્ર ડેસ્કટોપ/લેપટોપ, વેબ કેમેરા અને માઈક્રોફોન અને કોઈપણ વેબ બ્રાઉઝર (વેબ બ્રાઉઝર માટે ગૂગલ ક્રોમની ભલામણ કરવામાં આવે છે)
સૈનિક સ્કૂલ બાલાચડીના શિક્ષણ માટે ગુગલ જી સાઈટ પર ઓનલાઈન ક્લાસ માટે લોગઓન કરવા માટેના પગલાં.
બાલાચડીના કૈડેટ્સ માટે નીચે પ્રમાણે સંક્ષિપ્તમાં રજૂ કરવામાં આવ્યા છે.
(i) વેબ બ્રાઉઝર ખોલો અને **www.google.com** લખો.
(ii) "સાઇન ઇન" ક્લિક કરો અને લોગ-ઇન પૃષ્ઠ ખુલશે.
(iii) સ્કૂલ દ્વારા આપેલ વપરાશકર્તા નામ (Username) તરીકે કોમન ઇ-મેઇલ આઈડી લખો.

(iv) **Next** બટન પર ક્લિક કરો.

(v) ડોમેન ઇમેઇલ આઈડી પર લો-ઇન કરવા માટે સ્કૂલ દ્વારા આપવામાં આવેલ કોમન પાસવર્ડ લખો.

(vi) **Accept** પર ક્લિક કરો

(vii) ગૂગલ તમને નવો મજબૂત પાસવર્ડ બનાવવા માટે કહેશે. તેમાં નવો પાસવર્ડ દાખલ કરો. જેમાં બે ઓપ્સન આપવામાં આવશે. જેમ કે નવો પાસવર્ડ બનાવો અને પાસવર્ડની પુષ્ટિ (કન્ફોર્મ) કરો.

(viii) **Change password** પાસવર્ડ પર ક્લિક કરો.

(ix) પછી confirm પર ક્લિક કરો.

(x) હવે નવા ટેબના Address bar ના "**classroom.google.com**" માં URL લખો અને Enter દબાવો.

(xi) તમે તમારી સ્કૂલનું ડોમેન ઇમેઇલ આઈડી જોશો. તેને સુનિશ્ચિત કરો અને પછી Continue પર ક્લિક કરો.

(xii) પછી તમને પૂછવામાં આવશે "તમારી ભૂમિકા પસંદ કરો". હું એક વિદ્યાર્થી છું (I'M A STUDENT) પર ક્લિક કરો. (નોંધ: જો તમે
હું એક શિક્ષક છું (I'M A TEACHER) પર ક્લિક કરશો તો તમારું એકાઉન્ટ સસ્પેન્ડ કરવામાં આવશે, તેથી સતર્ક રહો)

(xiii) ક્લાસના પૃષ્ઠમાં **Add** પર ક્લિક કરો અને ક્લાસ **Join** કરો.

(xiv) કોડ એન્ટર કરો અને **Join** ક્લિક કરો.

(xv) હવે તમે પ્રવેશ કરાવતા ક્લાસ જોશો.

(xvi) તમે હવે ક્લાસના ભાગ છો અને હવે Got in ઇટ પર ક્લિક કરો.

(xvii) અહીં તમે વર્ગમાં ચાલતી બધી પ્રવૃત્તિઓ જોશો. ત્યાં વિંડોની ટોચ પર
ત્રણ બટનો છે: સ્ટ્રીમ, વર્ગકામ અને પીપલ. 'સ્ટ્રીમ' એવી જગ્યા છે તેમાં તમને તમારા સ્થાન વિશે ખ્યાલ આવે. 'ક્લાસવર્ક' તે છે જ્યાં તમને તમારી સોંપણીઓ, મીટિંગ, લિંક્સ, ગુગલ કલેન્ડર વગેરે મળે છે. 'પીપલ' તે છે જ્યાં તમને સહભાગીઓ મળે છે.

મોબાઈલ/ટેબલેટનો ઉપયોગ કરીને- આ પદ્ધતિમાં તમારે નીચેની એપ્લીકેશન ડાઉનલોડ અને ઈન્ટોલ કરવાની આવશ્યકતા રહેશે (નોંધઃ અત્યારે લૉગ-ઈન ન કરો. માત્ર એપ્લીકેશન ઇન્સ્ટોલ કરી ને બંધ કરો.)

**a) ગુગલ ક્લાસરૂમ (Google Classroom) :**

https://play.google.com/store/apps/details?id=com.google.android.apps.classroom

**b) ગુગલ મીટ (Google Meet) :**

https://play.google.com/store/apps/details?id=com.google.android.apps.meetings

તમે ઉપર જણાવેલ એપ્લિકેશનને ઇન્સ્ટોલ કર્યા પછી નીચે આપેલા પગલાંને અનુસરો:

**(i)** તમારી **Gmail** એપ્લિકેશન ખોલો અને ઉપર-જમણા ખૂણા પરની તમારી પ્રોફાઇલ ચિત્ર પર ક્લિક કરો અને તેની બાજુમાં મેઈલબાર શોધો.

**(ii)** હવે **another** એકાઉન્ટ પર ક્લિક કરો.

**(iii)** પછી Google પસંદ કરો.

**(iv)** ત્યારબાદ સાઇન ઇન પેઈજ દેખાશે. વપરાશકર્તા નામ (username) તરીકે સ્કૂલ દ્વારા આપવામાં આવેલ ડોમેન ઈ-મેઇલ આઈડીનો ઉપયોગ કરો.

**(iv) Next** પર ક્લિક કરો.

**(v)** ડોમેન ઇ-મેઇલ આઈડી પર લોગ-ઇન કરવા માટે સ્કૂલ દ્વારા આપવામાં આવેલ કોમન પાસવર્ડ લખો.

**(vi)** Scroll Down અને Accept પર ક્લિક કરો.

**(vii)** ગૂગલ તમને નવો મજબૂત પાસવર્ડ બનાવવા માટે કહેશે. તેમાં નવો પાસવર્ડ દાખલ કરો. જેમાં બે ઓપ્સન આપવામાં આવશે. જેમ કે નવો પાસવર્ડ બનાવો અને પાસવર્ડની પુષ્ટિ (કન્ફોર્મ) કરો.

**(viii)** Next પર ક્લિક કરો.

**(ix)** I agree પર ક્લિક કરો.

**(x)** થોડા સમય પછી તમે જોશો તો ઇમેઇલ આઈડી એક્ટીવ થઈ જશે.

**(xi)** હવે **Gmail** બંધ કરો અને Google classroom એપ્લિકેશન ખોલો.

**(xii) GET STARTED** પર ક્લિક કરો.

**(xiii)** સ્કૂલ દ્વારા અપાયેલ એકાઉન્ટ પસંદ કરો કે જેમાં તમે હમણાં જ **Gmail** એપ્લિકેશન પર સાઇન ઇન કર્યું છે હવે **ok** ક્લિક કરો.

**(xiv)** પછી તમને પૂછવામાં આવશે "તમારી ભૂમિકા પસંદ કરો". હું એક વિદ્યાર્થી છું (I'M A STUDENT) પર ક્લિક કરો. (નોંધ: જો તમે
હું એક શિક્ષક છું(I'M A TEACHER) પર ક્લિક કરશો તો તમારું એકાઉન્ટ સસ્પેન્ડ કરવામાં આવશે, તેથી સતર્ક રહો)

**(xv)** Home page પર જઈ Add પર ક્લિક કરો.

**(xvi)** કોડ Enter કરો અને Join ક્લિક કરો.

**(xix)** તમે હવે ક્લાસના ભાગ છો.

**(xvii)** અહીં તમે વર્ગમાં ચાલતી બધી પ્રવૃત્તિઓ જોશો. ત્યાં વિંડોની ટોચ પર

ત્રણ બટનો છે: સ્ટ્રીમ, વર્ગકામ અને પીપલ. 'સ્ટ્રીમ' એવી જગ્યા છે તેમાં તમને તમારા સ્થાન વિશે ખ્યાલ આવે. 'ક્લાસવર્ક' તે છે જ્યાં તમને તમારી સોંપણીઓ, મીટિંગ, લિંક્સ,ગુગલ કલેન્ડર વગેરે મળે છે. 'પીપલ' તે છે જ્યાં તમને સહભાગીઓ મળે છે.

## ઓનલાઈન ક્લાસિસ વિડિયો કોન્ફરન્સિંગ માટે ગૂગલ હેંગઆઉટ મીટ:-

**(A)** લેપ્ટોપ ડેસ્કટોપ પીસી માટેઃ-

**(i)** વેબ બ્રાઉઝર પર Google classroom ક્લીક કરો.પહેલા સમજાવ્યું તે રીતે.

**(ii)** ગૂગલ મીટ ક્લાસરૂમ માટે તમારા વર્ગના નામની નીચે Meet લિન્ક પર ક્લિક કરો. સ્ટ્રીમ પેઈજ પર નિર્ધારિત સમયે નક્કી કરેલ.

**(iii)** તમે નવા ટેબમાં આપમેળે ગૂગલ હેંગઆઉટ મીટથી કનેક્ટ થશો. હવે Join પર ક્લિક કરો

**(iv)** મીટિંગ ચાલતી હોય ત્યારે નિયુક્ત સમયે, તમે વર્ગમાં જોડાશો. ગૂગલ કેલેન્ડરમાં બધા સુનિશ્ચિત મીટ વિડિઓ કોન્ફરન્સિંગ વર્ગખંડો પણ સુનિશ્ચિત થયેલ છે, જે ડાબી બાજુના ખૂણાના મેનૂ બટનની લિંકથી એક્સેસ કરી શકાય છે.

**(B) Android** મોબાઇલ / ટેબ્લેટ ઉપકરણ માટે

**(i)** ગૂગલ ક્લાસરૂમ એપ્લિકેશન ખોલો.

**(ii)** જેની લાઇવ સ્ટ્રીમિંગ કરવામાં આવી રહી છે તેના વર્ગ પર ક્લિક કરો.

**(iii)** ગૂગલ ક્લાસરૂમ એપ્લિકેશનના સ્ટ્રીમ પેઈજની જમણી બાજુએ તમારા વર્ગના નામ ઉપરના વિડિઓ આયકન પર ક્લિક કરો.

**(iv)** ગૂગલ મીટ એપ્લિકેશન ખુલી જશે અને પછી Join meeting પર ક્લિક કરો અને હવે તમે મીટીંગમાં જોડાય જશો.

(v) ગૂગલ કેલેન્ડરમાં બધા સુનિશ્ચિત મીટ વિડિઓ કોન્ફરન્સિંગ વર્ગખંડો પણ સુનિશ્ચિત થયેલ છે, જે ડાબી બાજુના ખૂણાના મેનૂ બટનની લિંકથી એક્સેસ કરી શકાય છે.